## ડાકોર ગામ રળિયામણું રે

ડાકોર ગામ રળિયામણું રે,
રણછોડરાયનું ધામ, મારા વ્હાલા.
ગોમતી સુંદર શોભતી રે,
શોભે છે ચૌટાં ને ચોક, મારા વ્હાલા.
નોબત તારી વાગતી રે,
વાગે નગારાં નિશાન, મારા વ્હાલા.
મુરતિ મનોહર ઓપતી રે,
ભકતોનાં હૈયાં હરખાય, મારા વ્હાલા.
શ્યામ શરીરે શામળા રે,
નિરખતાં દુઃખડાં જાય, મારા વ્હાલા.
મોર મુગટ મુખ મોરલી રે,
મુખમાં મોહ્યાં મન, મારા વ્હાલા.
ગામ પરગામી બહુ આવતા રે,
ગુણ તમારા ગાય, મારા વ્હાલા.
ભકતોના સુંદર શામળા રે,
લળી લળી લાગે પાય, મારા વ્હાલા.
ડાકોર ગામ રળિયામણું રે,
રણછોડરાયનું ધામ, મારા વ્હાલા.
ગોમતી તીર રળિયામણું રે,
જઇને કરીએ સ્નાન, મારા વ્હાલા.
આવે પુનમીઆ પ્રેમથી રે,
દર્શને રણછોડ રાય, મારા વ્હાલા.
ડાકોર ગામ રળિયામણું રે,
રણછોડરાયનું ધામ, મારા વ્હાલા.